ઋતુચક્રમાં આવ્યો ફેરફાર, દિવસ ટૂંકોને રાત્રી લાંબી થઈ રહી છે

રાત્રે અને પરોટે લોકોને ઠંડકનો અહેસાસ, શિયાળાનું પા-પા પગલી થઈ રહેલું આગમન

ગાંધીનગર, તા. ૨૩

અતિશય ગરમીના કહેર પછી લાંબા વિરામના અંતે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીથી વાતાવરણ હળવું બની ગયું હતું. જેમાં મેઘરાજાના વિરામ બાદ હાલ ઋતુચક્રમાં આવેલો ફેરફાર નોંધનીય બન્યો છે. સંધ્યાકાળ એક કલાક વહેલી થઈ રહી છે. તો રાત્રી તે અન્વયે લંબાઈ રહી છે. છેલ્લા પાંચ થી છ દિવસ દરમિયાન આ ફેરફાર જોવા મળી રહ્યો છે. મોડી રાત્રીએ અને પરોઢીયે લોકો ઠંડકનો અહેસાસ કરી રહ્યા છે અને ખુશનુમા વાતાવરણમાં શિયાળાના પા પા પગલી આગમનનો અનુભવ થઈ રહ્યો છે.

બારમાસનીઅલગ અલગ ઋતુઓ છે જેમાં ચાર માસની એક ઋતુ મુજબ શિયાળો, ઉનાળો અને ચોમાસુ તેના નિયત સમય મુજબ તેનો ગુણ દર્શાવે છે. કુદરતની આ અપાર લીલાનો મનુષ્ય જીવ, ફકત અહેસાસ કરી જાણે છે. પારાવાર ગરમી પછી વરસાદે બહુ રાહ જોવડાવ્યા પછી મન મુકીને વરસી સૃષ્ટિના દરેક જીવને હાશકારો કરાવ્યો હતો. જેના હાલ એંધાણ વર્તાતા નથી ત્યારે ઋતુચક્રમાં ફેરફાર સર્જાયા છે. જે મુજબ દિવસ હાલ એકાદ કલાક ટુંકો થઈ ગયો છે એટલે કે અંધારું વહેલું થઈ જાય છે જે મુજબ રાત્રી લંબાઈ ગઈ છે. સિઝન મુજબના ફેરફારો કુદરતી સંકેત છે તેમજ ઠંડકનો રાત્રી અને સવારે અનુભવ થઈ રહ્યો છે.

શિયાળાની ઋતુની જાણે કે ધીમી ગતિએ એન્ટ્રી થઈ રહી હોય તેવા ઋતુચક્રના ફેરફારો મનુષ્ય જીવનમાં દેખાઈ રહ્યા છે. ધંધા રોજગારવાળા, નોકરીયાત અને દિવસ રાતની પાળીમાં કામ કરતા કર્મચારીઓએ હાલ આ ફેરફારની ચોકકસ નોંધ લીધી છે. પહેલા સાંજે સાડા સાત સુધી અજવાળું રહેતું હતું અને હાલ આ સમય સાડા છનો થઈ ગયો છે તેમજ દિવસ ટુંકો થઈ રહ્યો હોવાનું ઘડીયાળની ઝડપ પણ દર્શાવે છે. આમ ઋતુચક્રમાં આવેલા ફેરફારથી વહેલી સવારનું વાતાવરણ ખુશનુમા બની ગયું છે. જો કે દિવસભર ભાદરવાનો આકરો તાપ ત્રાહીમામ પોકારી દે છે. ત્યારે સમી સાંજથી શરુ થતાં ઠંડા પવનો હાશકારો કરાવે છે અને તે શિયાળાના આગમનનો આ અણસાર હોવાનું લોકો ચર્ચી રહ્યા છે.

સમતોલપણું - નાનકડું દૃશ્ય, મોટો સંદેશ... રોજી માટે પુરુષાર્થ કરતા આ નટ પરિવારના સભ્યો જીવનનો હાર્દસમો સંદેશ આપે છે... જન્મથી મરણ સુધીના માર્ગમાં સમતોલપણું જાળવીને જીવવાનું હોય છે એવો સરળ અને સ્પષ્ટ સંદશ. આ બેડા વચ્ચેના દોરડા વચ્ચે ચાલીને અપાય છે.. પડી ના જવાય, ધીમી અને મક્કમ ગતિએ આગળ વધાય અને લક્ષ્ય સુધી પહોંચી જવાય એવો સરળ ભાવ છતાંય જીવનનો મુખ્ય સંદેશ મનોરંજનના માધ્યમથી સમાજનો અતિ પછાત વર્ગ આપે છે...

આવતીકાલથી ઉપાસના પર્વનો મંગલ પ્રારંભ

ગુરૂવાર સવારે ૬.૩૦ થી ૮ અને બપોરે ૧૧ થી ૧૨.૩૦ ઘટસ્થાપન માટે શ્રેષ્ઠ મુર્હત, દિવ્ય શક્તિના પૂજનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય સંસ્કૃતિના હિંદુ ગ્રંથોમાં જણાવ્યા અનુસાર વર્ષની ચાર નવરાત્રીનું પ્રાધાન્ય જણાવ્યું છે. જેમાં આસો અને ચૈત્ર નવરાત્રીનું વધુ મહાત્મ ગણાવ્યું છે. જે અન્વયે આવતીકાલ ગુરૂવારથી શારદીય નવરાત્રીનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે. મા જગદંબાના નવ સ્વરૂપોની પૂજા અર્ચનના અતિ મહત્વના આ પર્વમાં આદ્યશક્તિની શક્તિ, ભક્તિ અને ઉપાસનાનું ધાર્મિક અતિ મહત્વ ગણાય છે. જેથી ભક્તો દ્વારા માતાજીના અનુષ્ઠાન તથા ઉપાસના પણ આ પર્વમાં કરવામાં આવે છે તો બીજી તરફ નવરાત્રીના પરંપરા મુજબના ગરબા અને સ્થાપનો પણ કરાય છે.

નવરાત્રિ કાઉન્ટ-ડાઉન

મા જગતજનની જગદંબાના શક્તિપર્વથી જે પૂજન અર્ચન થાય છે તેવી શારદીય નવરાત્રીનો ગુરૂવારથી મંગલ પ્રારંભ થઈ રહ્યો છે. માતાજીના સ્થાપન અને ઘટસ્થાપન માટે આ

દિવસે સવારે ૬.૩૦ થી ૮.૦૦ અને બપોરે ૧૧.૦૦ થી ૧૨.૩૦ શ્રેષ્ઠ મુર્હત પંચાંગમાં દર્શાવવામાં આવ્યા છે. મા જગદંબા દુર્ગાના નવસ્વરૂપોને નવ દિવસ સુધી પૂજન અને અર્ચન કરવામાં આવે છે. મા દુર્ગાનું પ્રથમ સ્વરૂપ શૈલપુત્રી, બીજુ સ્વરૂપ બ્રહ્મચારિણી, ત્રીજુસ્વરૂપ ચંદ્રઘટા, ચોથુ સ્વરૂપ કુષ્માંડા, પાંચમુ સ્વરૂપ સ્કન્દમાતા, છઠ્ઠુ સ્વરૂપ કાત્યાયની, સાતમુ સ્વરૂપ કાળરાત્રિ, આઠમું સ્વરૂપ મહાગૌરી અને નવમું સ્વરૂપ સિદ્ધિદાયિની અને નવસ્વરૂપોના જુદી જુદી રીતે પૂજન કરવાથી શુભ ફળો પ્રાપ્ત થાય છે. માતાજીની જુદી જુદી પૂજનવિધિમાં પંચોપચાર પૂજનવિધિ, દશોપચાર પૂજનવિધિ અને ષોડશોપચાર પૂજન વિધિથી નવરાત્રીમાં પૂજન થાય છે.

ભરતભાઈ કે. શાસ્ત્રીના જણાવ્યા અનુસાર આ નવરાત્રીમાં દુર્ગાષ્ટમી (આઠમ) તા. ૨-૧૦-૧૪ ને ગુરૂવાર બપોરના ૧૨.૧૫ વાગ્યા સુધી છે ત્યાર બાદ નવમી ગણાય છે. અને તે શુક્રવાર સવારે ૧૦ વાગ્યા સુધી નોમ ગણાય છે અને ત્યાર પછી વિજયાદશમીનો પારંભ થાય છે. શારદીય નવરાત્રી દરમ્યાન ઉપાસક ભક્તિભાવ થકી માતાજીની પૂજા અર્ચના કરે છે તે તમામ બંધનોથી મુક્ત બની ધન-ધાન્ય, પુત્રલાભ અને સંપતિનો માલિક બને છે. આમ શારદીય નવરાત્રી મા જગદંબાની વિશેષ પૂજાનો અતિ મહત્વ ગણાયુ છે જેથી શ્રધ્ધાળુઓમાં નવરાત્રી પૂર્વેની તમામ તૈયારીઓ આરંભી દીધી છે.

ભાદરવો તપતા નગરમાં ફરી એકવાર ઉનાળાનો માહોલ સર્જાયો

ગરમીનો પારો મહત્તમ ૩૪ ડિગ્રીએ પહોંચ્યો અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટીને ૬૨ ટકા સુધી ગયુ : દિવસે ગરમી અને રાત્રે ઠંડીની બેવડી ઋતુના અનુભવે નગરજનો બિમારીના ભોગ બની રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૩

વરસાદની વિદાય પછી ભાદરવાની આકરી ગરમીએ તેનું સ્થાન લઈ લીધું છે અને નગરમાં હાલ ઉનાળા જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે. આજે ગાંધીનગરમાં ગરમીનો પારો મહત્તમ ૩૪ ડિગ્રી સેલ્શિયસે પહોંચી ગયો હતો. જ્યારે લઘુત્તમ પારો તો ૨૫ ડિગ્રી જ રહેવા પામ્યો હતો. આમ, નગરજનોને બેવડી ઋતુનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે ઋતુજન્ય રોગચાળાનું પ્રમાણ પણ નગરમાં વધવા પામ્યું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૮૧ ટકા હતુ તે સાંજ સુધીમાં ઘટીને ૬૧ ટકા સુધી આવી ગયું હતું.

ગાંધીનગરમાં એક તરફ નવરાત્રીના આગમનનો માહોલ જોરશોરથી જામી રહ્યો છે ત્યારે બીજી તરફ માત્ર પંદર જ દિવસમાં વાતાવરણ પણ ભર ચોમાસામાંથી આકરા ઉનાળાનું થઈ જવા પામ્યું છે. બપોરના સમયે તો સૂર્યદેવતા આકાશમાંથી અગ્નિ વર્ષાવવાનું કામ કરી રહ્યા છે. જેના કારણે નગરજનોને ફરજિયાત પંખા કે એસી ચાલુ કરવા પડી રહ્યા છે. સવારે ૧૦ વાગ્યાથી જ નગરજનોને ગરમી વધવાનો અનુભવ ચાલુ થઈ જાય છે અને ઢળતી બપોરના પાંચ વાગ્યા સુધી સતત ભાદરવાની આકરી ગરમી દઝાડતી રહે છે. ભાદરવાના આ તાપના કારણે જમીનમાં વરસાદનો ભેજ હોવાને લીધે ઉકળાટ પેદા કરે છે જેના કારણે લોકોને પરસેવો વધુ થાય છે અને શરીર ચીંકણુ થઈ જતુ હોય તેવો અનુભવ સતત થાય છે જેથી વારંવાર હાથ-મો પગ વગેરે ધોવા પડે છે.

એક તરફ દિવસ દરમ્યાન આકરી ગમરી પડી રહી છે તો બીજી તરફ સાંજે ઠંડકનો માહોલ સર્જાય છે અને ઠંડા પવનની લહેરખીઓ ચાલુ થઈ જાય છે. જેના કારણે એક જ દિવસમાં બે ઋતુના અનુભવ

● અનુસંધાન પાન-૭ પર

પ્રદૂષણમુક્ત ગાંધીનગર શહેર પ્રદૂષણયુક્ત નગર બની રહ્યું છે

ગાંધીનગરમાં હવાનું પ્રદૂષણ સૌથી વધુ ગંભીર આરોગ્ય માટે ચેતવણીરૂપ બની રહ્યું હોવાની હકીકત

ગાંધીનગર, તા. ૨૩

ગ્રીનસીટી તરીકે ઓળખ પામેલા પાટનગર ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી પ્રદૂષણની સમસ્યાઓ ગંભીર બનીને ઉભરી રહી છે અને સામાન્ય માણસના આરોગ્ય માટે તે ચેતવણીરૂપ બની છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા પ્રદૂષણને નાથવા માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રયોગશાળાઓ પણ કાર્યરત કરી છે જો કેઆ પ્રયોગશાળાઓ હાલ માત્ર ને માત્ર કેટલુ પ્રદૂષણ થઈ રહ્યું છે તેનું માત્ર મોનીટરીંગ કરવાની કામગીરી પુરતી જ સીમિત હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ થર્મલ પાવર સ્ટેશનથી થતા પ્રદૂષણની સમસ્યા ઉપરાંત આ નગર હવે હવાના પ્રદૂષણની સમસ્યામાં પણ સપડાયું છે. ગાંધીનગર શહેરના વિસ્તૃતીકરણની સાથે સાથે આવાસો વધ્યા છે તેમજ વિકાસ જે ગતિએ થઈ રહ્યો છે અને વૃક્ષોની સંખ્યા જે રીતે ઘટી રહી છે તેનાથી હવાનુ પ્રદૂષણ સૌથી ગંભીર સમસ્યા બની ઉભરી છે.

ગાંધીનગર શહેરમાં જે રીતે વાહનોની સંખ્યા છેલ્લા દસકામાં વધી છે તેને લઈ હવાના પ્રદૂષણની સમસ્યા વધુ વકરી હોવાનું તારણ છે. ગાંધીનગરમાં પ્લાસ્ટીક વેસ્ટ અને ઈ.વેસ્ટ કલેક્શન સેન્ટરો હજુ નિયત કરાયા નથી તો બીજી તરફ શહેરમાંથી નીકળતા ઘનકચરાના નિકાલની લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપમેન્ટ હેઠળ હોવાથી તેનો કચરાનો નિકાલ આડેધડ કરવામાં આવે છે અથવા તો સેક્ટરોમાં તેનુ દહન કરવામાં આવતુ ગોવાની ફરિયાદો ખુબજ વધી રહી છે. આમ ગાંધીનગર શહેરમાં પ્રદૂષણની સમસ્યાઓ ગંભીર પડકાર બનીને ઉભરી છે. આગામી બે દિવસમાં જ સ્વચ્છ શહેર અભિયાનનો આરંભ થવાનો છે. આ માટેના આયોજનો પણ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ શહેરની પ્રા. શાળાઓમાં કચરાની સમસ્યા ખુદ મુખ્યમંત્રીએ નજરે નિહાળી છે તે બતાવે છે કે શહેરમાં ગંદકીના વધતા જતા પ્રભાવને કારણે પ્રદૂષણની સમસ્યા વધુ ગંભીર બની રહી છે. આ નગરમાં જાહેરમાં કચરાનુંદહન કરવાથી ઉભુ થતુ પ્રદૂષણ તેમજ માલવાહક ટ્રકોમાંથી ઉડતી વિવિધ રજકણો અને તેમાંથી નીકળતા ધુમાડાઓને લઈ હવાનુ પ્રદૂષણ સૌથી વધુ ગંભીર બનીને પડકારરૂપ બનેલ છે.

ગાંધીનગર શહેરની ઓળખ પહેલાં પ્રદૂષણમુક્ત શહેર તરીકે થતી હતી હવે આ શહેર પ્રદૂષણયુક્ત શહેર તરીકે ઉભરી રહ્યુ છે તેને સ્વચ્છ શહેર બનાવવાનો પડકાર સૌથી મોટો છે.

તાલીમબદ્ધ પેરામેડીકલ સ્ટાફ પણ હવે ચક્ષુદાનનો સ્વીકાર કરી શકશે

રજૂઆતના અંતે સરકારે મહત્વનો પરિપત્ર કર્યો સરકારી હોસ્પિટલ અને નર્સીંગ કોલેજમાં તાલીમ અપાશે

ગાંધીનગર, તા. ૨૩

મૃત્યુ બાદ અન્યના જીવનમાં રોશની પ્રગટાવવાની તક આપતા ચક્ષુદાનને મહાદાન ગણવામાં આવે છે. ચક્ષુદાનથી આપણા મૃત્ય બાદ પણ આપણી આંખો જીવંત રહી શકે છે. જ્યારે ચક્ષુદાનના મામલે મહત્વનો નિર્ણય લેવાતા અત્યાર સુધી આંખ રોગના નિષ્ણાતો દ્વારા ચક્ષુદાન સ્વીકારવામાં આવતુ હતુ. હવે ટ્રેઈન પેરામેડિકલ સ્ટાફ પણ ચક્ષુદાન સ્વીકારી શકશે જેના લીધે દાતાઓની સંખ્યા પણ વધશે.

આંખ રોગના નિષ્ણાંત ડૉ. તેજલ દલાલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ભારતની ૧૨૨ કરોડની વસ્તીમાંથી ૧.૨૨ કરોડ વ્યક્તિઓને વિવિધ કારણો સર દેખાતું નથી. જેમાંથી ૧.૨૨ લાખ વ્યક્તિઓ કોર્નિયલ એટલે કે, આંખની કાળી કીકી કે જેને આંખનું રતન કહેવામાં આવે છે તે ઘસાઈ જવાને કારણે બ્લાઈંડ છે. જેમાંથી ૬૦ હજાર અંધોને તો ચક્ષુદાનથી જોતા કરી શકાય તેમ છે. દર વર્ષે ૨૦ હજાર બીજા આવા કોર્નિયલ બ્લાઈન્ડ ઉમેરાતા જાય છે. તે પ્રમાણે દર વર્ષે

● અનુસંધાન પાન-૭ પર

ગરબા સ્પર્ધાની મોસમ - ગાંધીનગરના પ્રખ્યાત સે-૨૮ના બગીચા સામે આવેલી સરકારી શાળામાં શનિવારે ગાંધીનગર સોશ્યલ ગૃપના યુવાનોએ શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે એક ભવ્ય ગરબા સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ શાળામાં સે-૨૮ની બે, સેકટર-૨૯ની બે અને સે-૩૦, જીઈબી સરકારી શાળાના ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ગરબા સ્પર્ધાનું આયોજન કરાયું હતું. સંગીતના તાલે અને ગુજરાતી ગરબા પર આ બાળકોએ ધમાકેદાર પરફોર્મન્સ આપ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા થનારા દરેક ધોરણના એક થી ત્રણ ને ઈનામી ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા હતા જયારે દરેક સ્પર્ધકને એક નાસ્તાનો ડબ્બો ભેટ આપવામાં આવ્યો. મજાની વાત એ રહી કે આર્થિક રીતે પછાત આ બાળકો અને એમના વાલીઓ ૬૦૦થી વધુની સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવી દીધો. ગાંધીનગર સોશ્યલ ગૃપના યુવાનો એની પોકેટમનીમાંથી પૈસા કાઢીને સમાજીક પ્રવૃત્તિઓ અને એ પણ આર્થિક રીતે પછાત શાળામાં જ કરે છે. કોઈ પણ નામના મોહ વગર ચાલતી આ પ્રવૃત્તિ ખરેખર વંદનીય છે. આજે એકાદી નાની પ્રવૃત્તિ કરીને એની પ્રસિધ્ધી પાછળ સંસ્થા લાગે છે ત્યારે ભારતના આ યુવાનોનું કાર્ય પ્રશંસનીય છે સરકારી શાળાના વિદ્યાર્થીઓની નવરાત્રી તો આ સ્પર્ધાથી જ શરૂ થઈ ગઈ.

સે-૬માં કલ્ચરલ ફોરમના ગરબામાં રોમન થીમ આધારિત પ્રવેશદ્વાર

બાળનગરી મેદાનમાં અલ્ટ્રા મોર્ડન ગરબા મહોત્સવ, ડસ્ટ ફ્રી મેદાનમાં ૭ હજાર ખેલૈયાઓ ગરબે ઘુમી શકશે : ૧૭ હજાર પ્રેક્ષકો બેસી શકશે

ગાંધીનગર, તા. ૨૩

વાદળ વિખરાયા ને અજવાળા આવ્યા...અવનીએ ગોખે ગોખે દિવડા પ્રગટાવ્યા... નવરાતને આડે માત્ર એક દિવસ બાકી રહ્યો છે. આસોની રઢીયાળી રાતમાં આકાશી અજવાળુ ગરબા મેદાનમાં પથરાશે. રંગબેરંગી ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખેલૈયાઓ ગરબે ઘુમવા ઉત્સુક બન્યા છે. નવદુર્ગાના ભકિત પર્વ નવરાત નિમિત્તે નગરમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ચેતના પ્રગટાવવાના શુભ આશય સથે કલ્ચરલ ફોરમ દ્વારા સતત ૨૦મા વર્ષે ભવ્યાતિભવ્ય ગરબા મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ વખતે કલ્ચરલ ફોરમના ગરબા 'ઘ' માર્ગ પર સે-૬ના વિશાળ બાળનગરી મેદાનમાં યોજાશે. રોમન થીમ આધારિત સુશોભન વચ્ચે કલાકારોને ગરબે ઘુમવા વધુ વિશાળ મેદાન ઉપલબ્ધ થશે. દરરોજ ૧૭ હજાર ગરબાપ્રેમીઓ નવરાત્રી મહોત્સવ માણી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

શકિતની ભકિત આરાધનાના પર્વ નવરાતની ઉજવણી અંગે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ માહિતી આપતા જણાવ્યું હતું કે સાહીત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ એ આજના સમયની તાતી જરુરીયાત છે. નગર માત્ર રાજકીય અડ્ડો ન બની રહે તેમજ સામાજિક જીવનનું એક કલેવર બંધાય તેવા આશયથી નવરાત્રિની ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં માત્ર માતાજીના ગરબા જ ગવાય છે. સે-૬ના વિશાળ બાળનગરી મેદાનમાં આ વખતે

● અનુસંધાન પાન-૭ પર

ફોરમના ગરબાનું સમગ્ર વિશ્વમાં જીવંત પ્રસારણ કરાશે

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાનું ગાંધીનગર કલ્ચરલ ફોરમની વેબ સાઈટ www.gcfgandhinagar.com પરથી લાઈવ વેબકાસ્ટીંગ કરવામાં આવશે. આ ઉપરાંત ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાનું દરરોજ રાત્રે ૮.૩૦ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી જીટીપીએલની ભકિત ચેનલ પરથી જીવંત પ્રસારણ કરવામાં આવશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગુજરાતના તમામ નાગરિકો લાઈવ નિહાળી શકે એવું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીનું ચાર વેબસાઈટ પરથી વેબકાસ્ટીંગ કરાશે. વિદેશમાં વસતા ગાંધીનગરાઓ યુ-ટયૂબ દ્વારા ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીનો આનંદ માણે છે.

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)
હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ બિલ્ડીંગ,
રેલવે સ્ટેશન રોડ, સેક્ટર-૧૩, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૪૧૭૧૨/૨૩૨૪૭૦૩૩, ફેક્સ નં. ૨૩૨૪૭૦૫૯

ટેન્ડર જાહેરાત

આર.સી.સી.ની ટાંકી બનાવવાના કામની ટેન્ડર જાહેરાત

નિગમના કંપાઉન્ડમાં અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકી બનાવવાના તથા તેમાં પાણીની મોટર નાખવાનું તેમજ અન્ય પરચુરણ પ્લમ્બીંગ કામ કરવા માટે આ કામના જાણકાર અને અનુભવી ઠેકેદારો પાસેથી સ્થળનું નિરીક્ષણ કરીને નિયત ટેન્ડરમાં જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ બંધ કવરમાં તા. ૧/૧૦/૨૦૧૪ સુધીમાં મળે તે રીતે સદર કામના ભાવો અત્રેની કચેરીને પહોંચતા કરવા આથી જણાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડર રૂ. ૫૦૦/-ની ફી કચેરી સમય દરમિયાન ભરીને તા. ૨૯/૯/૨૦૧૪ સુધીમાં મેળવી શકાશે.

મેનેજીંગ ડીરેક્ટર

Institute of SEISMOLOGICAL RESEARCH (ISR)
Near Petroleum University, Raisan, GANDHINAGAR-382009
www.isr.gujarat.gov.in, Phone : 079-66739015/66739033

Short Tender Notices

ISR would like to print various technical brochures in English, Gujarati and Hindi (ISR/01) and annual report in English (ISR/02). Sealed tendersare invited from reputed agencies / vendors for designing, translation and printing work. The tender document may be collected from the above address between 25th September 2014 to 10th October 2014 or download from the above website. The last date for sumitting the tender form with offer is by 10-10-2014, 4-00 pm, which will be opened on the same day at 4-30 pm at ISR.

Director General
Institute of SEISMOLOGICAL RESEARCH

મનપામાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અમલીકરણમાં શંકા વ્યકત કરતા પ્રવીણ પટેલ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટના અમલીકરણ મુદ્દે કેટલાક ગંભીર પ્રશ્નો સાથે એક પત્ર મ્યુનિ. કમિશનરશ્રીને પાઠવી તે અંગેની વિગતો જાહેર કરવા માંગ કરી છે.

મ્યુનિ. કમિશનરશ્રીને પાઠવેલા પત્રમાં વે બ્રીજની કામગીરી, ઘન કચરાના નિકાલની વ્યવસ્થા તેમજ પધ્ધતિને લઈ પ્રશ્નો રજુ કર્યા છે. શ્રી પટેલે તેમના આ પત્રમાં ડોર ટુ ડોર કલેકશન માટે કેટલા સેકટરોમાં કચરા એકત્રીકરણ માટે ડસ્ટબીનના કરાયેલા વિતરણની વિગતો આપવા પણ માંગણી કરી છે.

શ્રી પટેલે દરરોજ કેટલા ટન કચરાનું એકત્રીકરણ કરવામાં આવે છે તેમજ નિકાલ કરવામાં આવે છે તેની વિગતો પણ આ પત્રમાં માંગી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · R.FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com